ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨

ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૯૪/૧૯-૨૦/ ૧૫૦

તારીખ : 28 FEB 2020

**આર.પી.એ.ડી.**

કેસ નં.૯૪/૧૯-૨૦

પ્રતિ,
**શ્રી પ્રવિણાબેન વિઠ્ઠલભાઈ બારૈયા,**
મુ.કુંડેલી, તા.તળાજા,
જી.ભાવનગર.
**મો.નં. ૯૪૨૯૫ ૦૫૬૪૧**

**વિષય : શ્રી ફેઈઝ મીટરના બીલમાં દંડની રકમ અંગે.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૯/૧૧/૨૦૧૯, અત્રેની કચેરીને મળ્યા તા.૨૦/૧૧/૨૦૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૪/૧૯-૨૦/૪૬૫૮ તા.૨૨/૧૧/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૪/૧૯-૨૦/૫૮૧ તા.૦૩/૦૨/૨૦૨૦.

શ્રીમાન,
આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૧૪/૦૨/૨૦૨૦ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી, ભાવનગર.

બિડાણ:- ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **પાલીતાણા.**
........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **તળાજા-૨.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર -૯૪/૧૯-૨૦ ☜

વાદી :- શ્રી પ્રવિણાબેન વિઠ્ઠલભાઈ બારૈયા

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :- પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ રજુઆતની તારીખઃ- ૧૪.૦૨.૨૦૨૦. ◈

હાજર રહયા :- શ્રી પ્રવિણાબેન વિઠ્ઠલભાઈ બારૈયા – (વાદી પોતે)

પ્રતિવાદી :- શ્રી જે. એસ. પરમાર, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી પ્રવિણાબેન વિઠ્ઠલભાઈ બારૈયા, મુ.કુંઢેલી તા.તળાજા, જી.ભાવનગરની શ્રી ફેઈઝ મીટરના બીલમાં દંડની રકમ બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૯૪/૧૯-૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૯૪/૧૯-૨૦/૪૬૫૮ તા.૨૨.૧૧.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૪.૦૨.૨૦૨૦ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી પ્રવિણાબેન વિઠ્ઠલભાઈ બારૈયા પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી જે. એસ. પરમાર, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા ઉપસ્થિત રહેલ.

☞ વાદીશ્રીની રજુઆતઃ- ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૧.૧ અમોએ કરેલ અરજી તા.૧૫/૧/૨૦૧૯ માં રીડીગ ૪૧૦૧ હાલનું રીડીગ દર્શાવેલ છે. જયારે સપ્ટે-ઓકટો-૨૦૧૯ ના બીલેમાં હાલનું રીડીગ ૪૦૦૧ દર્શાવેલ છે. જે તફાવત છે. પણ ઉપરોકત સંદર્ભે કે વિષયે આજ દિવસ સુધી કોઈ પત્ર કે નોટીસ દવારા જવાબ આપેલ નથી. કોઈપણ કાર્યવાહી કરી હોય તો તેના પત્ર નંબર આપી જવાબ આપવા જણાવું છું.

૧.૨ બીજુ આપ સાહેબને જણાવવું છે કે મને મળેલ બીલ નવે.-ઓકટો-૧૮ નું હાલનું રીડીગ ૪૧૦૧ દર્શાવેલ છે જેમાં ઉચક યુનિટ ૧૦૦ દર્શાવેલ છે, જે ઉમેરતા કુલ ૪૨૦૧ રીડ્રીગ થાય તેમ છતાં સપ્ટે-ઓકટો-૨૦૧૯ ના બીલમાં હાલનું રીડીગ ૪૦૦૧ દર્શાવેલ છે. જેમાં મોટો તફાવત છે, જેનો કોઈપણ પ્રકારની જાણ કરેલ નથી કે

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

અરજીનો જવાબ આપેલ નથી કે નોટીસ પણ આજ દિવસ સુધી આપેલ નથી. જે અંગે યોગ્ય કાર્યવાહી કરી આપવા અરજ છે.

૧.૩ વિશેષમાં જણાવવાનું કે હું તા.૧૫/૧૧/૧૯ ના રોજ બીલ ભરવા ગયેલ ત્યારે સપ્ટે–ઓકટો–૨૦૧૯ ના બીલ મુજબ ૧૫૮૨ રૂપિયાનું બીલ મુજબ ભરવા જણાવેલ પરંતુ મને દંડ સાથે રૂા.૧૮૨૦ ભરવાના થાય જે અંગે સાહેબને રજુઆત કરતાં તા.૧૫/૧૧/૧૯ ની અરજી પણ સામેલ રાખેલ છે, જેમાં ખોટી રીતે દંડ કરેલ છે. કારણકે મને નોટીસ કે બીલ વરસાદી વાતાવરણના હીસાબે મળેલ નહી હોવાથી મે ભરેલ નથી. અને આપેલ બીલ મુજબ ૧૫૮૨ ભરવા સંમત છું. જે અંગે આ ઉપરોકત વિષયે અને સંદર્ભે મને યોગ્ય જવાબ આપવા તથા બીલ કે નોટીસ નહી મળતા તે દંડની રકમ દરગુજર (માફ) કરવા આપ સાહેબ દવારા યોગ્ય કરવા વિનંતી છે.

☛ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ વાદી શ્રીમતી પ્રવિણાબેન વિઠ્ઠલભાઈ બારીયા કે જેઓ ગ્રાહક નં.૬૧૪૭૩/૬૧૦૬૨/૧ થી ખેતીવાડી વીજજોડાણ ધરાવે છે. જેની રેકોર્ડ મુજબ કનેકશન રીલીઝ તા.૦૫.૦૬.૨૦૧૨ છે.

૨.૨ વાદીશ્રી દવારા તા.૧૬.૧૧.૨૦૧૮ ના રોજ સદર કનેકશનમાં વીજ વપરાશ બંધ કરેલ હોવાનું જણાવેલ છે જેથી તે કનેકશન અંગે પેટા વિભાગીય કચેરી દવારા મીટર રીડર પાસે તપાસ કરી બીલ આપવા જણાવેલ.

૨.૩ તે મુજબ માહે નવેમ્બર–ડીસેમ્બર–૨૦૧૮ થી સપ્ટેમ્બર–ઓકટોબર–૨૦૧૯ સુધી નિયમીત બીલીગ કરી મીનીમમ બીલ આપવામાં આવેલ, જે વાદી દવારા સમયમર્યાદામાં ભરપાઈ કરેલ નથી. વાદી દવારા છેલ્લુ પેમેન્ટ તા.૧૬.૧૧.૨૦૧૮ ના રોજ ભરપાઈ કર્યા પછી, સપ્ટે–ઓકટો–૨૦૧૯ સુધીના બીલની રકમ ભરપાઈ કરેલ ન હોવાથી રી–કનેકશન ચાર્જ વસુલ કરવા જણાવેલ. આ સાથે પી.આર.ટી.૧૪૫ સામેલ છે.(Annexure 1)

૨.૪ વાદી દવારા રજુઆત કરવામાં આવેલ છે તેમને અલગથી કોઈ નોટીસ આપેલ નથી. જેના સંદર્ભે જણાવવાનું કે ગ્રાહકને આપવામાં આવતા નિયમીત વીજ વપરાશના બીલમાં જ વીજ અધિનીયમ–૨૦૦૩ ની કલમ ૫૬/૧ મુજબ બીલમાં જ નોટીસ આપેલી જ છે. જેથી અલગથી નોટીસ આપવાનો કોઈ જ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

૨.૫ વાદીને બીલમાં નોટીસ આપવા છતાં આપેલ બીલની રકમ ભરપાઈ કરેલ નથી.

૨.૬ બીલ ન મળવા બાબતની ફરીયાદ કરવામાં આવેલ તે અંગે જે તે બીલીગ સમયે દિવસ–૦૫ માં પેટા વિભાગીય કચેરી ખાતે કરવી જોઈએ. આવી કોઈ ફરીયાદ વાદી દવારા આ સમયગાળા દરમ્યાન કરવામાં આવેલ નથી.

૨.૭ ત્યારબાદ વાદી દવારા તા.૦૪.૦૧.૨૦૨૦ ના રોજ રૂા.૨૧૨૪/– ભરપાઈ કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☛ <u>ફોરમનું તારણ</u> :- **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર પ્રવિણાબેન વિઠ્ઠલભાઈ બારૈયા, ગ્રાહક નં.૬૧૪૭૩/૬૧૦૬૨/૧ થી ગામ-કુંઢેલી, તા. તળાજા માં ખેતીવાડી વીજજોડાણ ધરાવે છે.

૩.૨ વાદીની ફોરમને લેખિત તેમજ મૌખિક રજુઆત છે કે તેઓને નિયમીતપણે વીજબીલ મળતા નથી તેમજ રીડીંગ તપાસ્યા વગર વીજબીલ આપવામાં આવે છે તેમજ પ્રતિવાદી એ તેના વીજબીલની બાકી રકમ ઉપરાંત રૂા.૨૦૦/- રી-કનેકશન ચાર્જ તથા રૂા.૧૮/- જી.એસ.ટી. એમ કુલ રૂા.૨૧૮/- વસુલેલ છે, જે રીફન્ડ આપવા.

૩.૩ વાદીએ તા.૧૬.૧૧.૨૦૧૮ થી તા.૦૪.૦૧.૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન પ્રતિવાદીએ આપેલ એકપણ વીજબીલની રકમ ભરપાઈ કરેલ નહી તેથી પ્રતિવાદીએ તા.૦૪.૦૧.૨૦૨૦ ના રોજ વાદી જયારે વીજબીલની રકમ ભરવા આવેલ ત્યારે વીજબીલની રકમ તેમજ રૂા.૨૧૮/- વધારાના રી-કનેકશન ચાર્જ પેટે વસુલ કરેલ પરંતુ પ્રતિવાદીએ ફીઝીકલી વાદીનું વીજજોડાણ બીલની રકમ ન ભરવાથી કાપેલ નહી.

૩.૪ પ્રતિવાદીએ વાદીનું વીજજોડાણ કાપ્યા વગર રી-કનેકશન ચાર્જ રૂા.૨૧૮/- વસુલ કરેલ છે, જે સપ્લાય કોડ મુજબ યોગ્ય નથી. આથી પ્રતિવાદીએ વાદીને રૂા.૨૧૮/- તેના એકાઉન્ટમાં રીફન્ડ આપવા તેમજ વાદીને નિયમીતપણે રીડીંગ ચેક કરી અને બીલ મળે તેની તકેદારી રાખવી તેવો હુકમ કરવામાં આવે છે.

**<u>-:: હુકમ ::-</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૪ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એમ. આજડીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કાં.લી.:ભાવનગર.**

તારીખ :- **૧૪.૦૨.૨૦૨૦**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar